# મણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

Email.polstn-manl-ahd@gujarat.gov.in

ટેલીફોન નંબર -૦૭૯૨૫૪૬૦૦૮૯


## -* સારી કામગીરી *-

## ચેન સ્નેચીન કરનાર ઇસમને પકડી પાડતી મણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ' જે ' ડીવીજન નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. એસ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ જે.કે.બાવીસ્કર તથા સાથેના પો.કો.મોહસીનહુસેન મહેદીહુસેન બ.નં.૯૯૩૨ તથા પો.કો.રામજીભાઇ જાગાભાઇ બ.નં.૯૯૦૯ તથા પો.કો.અશોકભાઇ પ્રેમજીભાઇ બ.નં.૪૯૭૩ તથા પો.કો.પ્રવિણભાઇ ભાઇલાલભાઇ બ.નં.૪૭૮૩ તથા પો.કો રણજીતસિંહ જીલુભાઇ બ.નં.૮૭૪૪ તથા પો.કો. અર્જુનસિંહ ભાવસિંહ બ.નં.૯૯૯૬ તથા પો.કો.રવિભાઇ જગદીશભાઇ બં.નં.૪૦૪ તથા પો.કો.સાજીદખાન નજીમખાન બ.નં.૪૦૧૨ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ બ.નં-૧૩૦૬ તથા એલ.આર. મનિષભાઇ દેવજીભાઇ બ.નં.૯૩૧ તથા એલ.આર.દિવ્યરાજસિંહ ભરતસિંહ બ.નં.૫૪૨ તથા એલ આર દશરથસિંહ કનકસિંહ બ.નં-૧૧૦૨ તથા એલ.આર. પીયુશભાઇ પ્રવિણભાઇ બ.નં-૯૬૦ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક:૧૮/૩૦ વાગે મણીનગર ગોરધનવાડી ટેકરા પાસે જાહેર રોડ પર આવતા સાથેના પો.કો.મોહસીનહુસેન મહેદીહુસેન બ.નં.૯૯૩૨ તથા એલ આર દશરથસિંહ કનકસિંહ બ.નં-૧૧૦૨ તથા એલ આર જામાભાઇ માત્રાભાઇ બ.નં-૧૩૦૬ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે " એક ઇસમ જેને શરીરે ક્રિમ કલરનું આખી બાયનુ શર્ટ તથા વાદળી જેવા કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે જે ઇસમ પલ્સર મો.સા. આગળ પાછળ નંબર પ્લેટ વગરની લઇને ચેન સ્નેચીગનો ગુનો કરવાના ઇરાદે પુષ્પકુંજ ચાર રસ્તા તરફ થી ગોરધનવાડી ટેકરા ચાર રસ્તા તરફ પસાર થનાર છે જે બાતમી આધારે વોચમા રહી આ કામના આરોપી ઈસમ નામે <u>સમીરઉદ્દીન ઉર્ફે બોન્ડ રીયાજઉદ્દિન શેખ ઉ.વ.૩૩ ધંધો-છુટક મજૂરી રહે-મ.ન.૨૫૬૫ સૌદાગરની પોળ ,કાલુપુર ટાવર પાસે અમદાવાદ શહેર</u> નાને કલાક ૨૦।૦૦ વાગે અટક કરી તેની ઝડતી દરમ્યાન સોનાની ચેન દોઢ તોલા વજનની જેની કી.રૂ. ૬૦૦૦૦/- તથા પલ્સર મો.સા. જેનો એન્જીન-DHYRJL02461 તથા ચેચીસ-MD2A11CY0JRL29555 છે જેની કિ.રૂ.૩૦૦૦૦/- તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કી.રૂ. ૭૦૦૦/- તથા એક હેલ્મેટ જેની કી.રૂ. ૨૦૦/- મળી કુલ્લે રુપીયા ૯૭,૨૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ છે તથા તેની પુછપરછ દરમ્યાન અમદાવાદ શહેર વિસ્તારમા જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારોમા ચેન સ્નેચીંગના ગુનાઓ કરેલાની કબુલાત કરે છે જેમા, મણીનગર પોલીસ સ્ટેશન ખાતેના કુલ-૦૬ ગુનાઓ, ખોખરા પો.સ્ટે ૦૧, કાગડાપીઠ પો.સ્ટે. ૦૧,

Scanned by CamScanner

દાણીલીમડા પો.સ્ટે. ૦૧, પાલડી પો.સ્ટે. ૦૫, વાસણા પો.સ્ટે. ૦૨, એલીસબ્રીજ પો.સ્ટે. ૦૬, નવરંગપુરા પો.સ્ટે ૦૩, નારણપુરા પો.સ્ટે. ૦૩, વસ્ત્રાપુર પો.સ્ટે. ૦૩, રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે ૦૨, ગાયકવાડ હવેલી પો.સ્ટે. ૦૨, દરીયાપુર પો.સ્ટે. ૦૧, માધવપુરા પો.સ્ટે. ૦૭, શાહીબાગ પો.સ્ટે. ૦૮, શહેરકોટડા પો.સ્ટે. ૦૪ મળી કુલ્લે ૫૫ ચેન સ્નેચીંગના દાખલ થયેલાની ગુનાની તથા શહેર વિસ્તારમાં અન્ય જુદીજુદી જગ્યાઓએ કુલ્લે-૪૮ ચેઇન સ્નેચીંગના ગુના આચરેલાની કબુલાત કરેલ છે. આમ અમદાવાદ શહેર વિસ્તારમાં છેલ્લા દોઢેક વર્ષમાં કુલ્લે-૧૦૩ જેટલા ચેઇન સ્નેચીંગના ગુના કરેલાની કબુલાત કરેલ છે.

આમ આ ઈસમ શરુઆતમા પોતાના સાગરીત નામે અબ્બાશ ઉસ્માનભાઈ જાતે શેખના સંપર્કમાં આવી અમદાવાદ શહેર વિસ્તારમા ચેન સ્નેચીંગના ગુનાઓને અંજામ આપતા હતા. શરુઆતના ગુનાઓમા આ સમીરઉદ્દીન ઉર્ફે બોન્ડ હેલ્મેટ તથા અબ્બાશ માથા ઉપર ટોપી તેમજ મોઢાની ઉપર રૂમાલ બાંધી એફઝેડ યમાહા કંપનીનુ મો.સા. નંબર પ્લેટ વગરનુ વાપરી ગુનાઓ આચરેલ છે. ગુનાઓ કરતી વખતે આરોપી પોતાના પઠાણી ડ્રેસ ચેન્જ કરીને જીન્સ પેન્ટ તથા સાદુ આખી બાયનુ શર્ટ (ક્રીમ કલર, બ્લેક કલર, વાઇટ કલર, નેવી બ્લુ કલર) અને હેલ્મેટ પહેરતો અને બાઈકની નંબર પ્લેટ કાઢીને ગુનાને અંજામ આપતા હતા અને ગુનો કર્યા બાદ ફરીથી પોતાના બીજા કપડા પહેરી લેતા અને બાઈકની નંબર પ્લેટ તુરંત લગાવી દેતા હતા આ આરોપી પાસે પોતાનુ એક્ષેસ મોપેડ પોતાના રોજીંદા કાર્યમા વાપરતો હતો અને ચોરી કરતી વખતે અબ્બાસનુ પલ્સર મો.સા.નંબર પ્લેટ કાઢી વાપરતો. અને ગુનો આચરતી વખતે મંદીરે જતી તેમજ મોર્નીંગ વોક/ઇવનીગ વોક કરતી મહીલાઓ તથા એક્ટીવા/મો.સા. ઉપર જતી સ્ત્રીઓ/પુરૂષોને ટ્રાર્ગેટ કરી અમદાવાદ શહેર વિસ્તારમાં ગુનાઓને અંજામ આપતો હતો. આશરે દોઢેક વર્ષથી આ પ્રકારના ગુનાઓ કરવામા સક્રીય હતો. ગઈ તા.૧૫/૦૨/૧૯ ના રોજ તેનો સાગરીત અબ્બાસ શેખ નાનો મરણ જતા આ કામનો આરોપી ફરીથી એકલો અમદાવાદ શહેર વિસ્તારમાં પલ્સર મો.સા ઉપર હેલ્મેટ પહેરી ચેન સ્નેચીંગના ગુનાઓ આચરતો હતો. અને તેના ગુનાહીત કાર્યકાળ દરમ્યાન આ આરોપીએ તેના સાગરીત અબ્બાસ શેખ નાઓની સાથે મળી અમદાવાદ શહેરમા ચેઇન સ્નેચીંગના ગુનાઓ આચરેલ જે ગુનાઓનો મુદ્દામાલ તેના મિત્ર મોહંમદ શહેઝાદ સન/ઓ મોહંમદ સઈદ જાતે અંસારી ઉ.વ.૪૫ રહે:ઘર નં.બી/૧૬ હાઉસીંગ કોલોની પઠાણની ચાલી ફિરદોસ મસ્જીદની સામે BRTS બસ સ્ટેન્ડની સામે દાણીલીમડા અમદાવાદ શહેર નાને આપતો હતો. આ શહેઝાદને અગાઉ બે માસ પહેલા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રીસીવર તરીકે પકડાયેલ છે અને હાલમા તે ભુજ જેલ ખાતે પાસા હેઠળ છે. જેથી છેલ્લા બે મહીનાના સમયગાળા દરમ્યાન આરોપીએ કરેલ ચેન સ્નેચીંગ ગુનાઓનો મુદ્દામાલ શહેઝાદ અંસારીના સગીર દીકરાને આપતો હોવાનુ જણાવેલ છે અને આ સગીર દીકરો તેમજ તેના કાકાનો દીકરો બીલાલ જે સોનીકામની મજુરી કરે છે, તેને મુદ્દામાલ આપતો અને આ બીલાલ દાગીનાઓ ઓગાળી નાખી પોતાને સોની તરીકેની ઓળખ આપીને સોની બજારમા વેચી દેતો હોવાનુ જણાવા મળેલ છે, જેની તપાસ હાલ ચાલુ છે આ કામનો આરોપી ભુતકાળમા મોડાસા ખાતે તેમજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશનના ગુનાઓમા પકડાયેલ છે. અને હાલ આરોપીના રીમાન્ડ મેળવવાની તજવીજ ચાલુ છે.

Scanned by CamScanner